PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૪૬૮-૧ તારીખ : ૨૦ - ૦૧ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી અનસોયાબેન પરબતભાઇ પટેલ
ઠે. બ્લોક નં. એલ/૫૩૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ,શનાળા રોડ,
મું. પો. : મોરબી , તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૧
મોબાઈલ : ૯૪૨૮૨૬૪૮૮૨

**વિષય :** સોલાર જોડાણ રદ કરાવી પરંપરાગત વીજજોડાણ મેળવવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૨-૧૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૯/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ટંકારા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૯/ક્વા-૩/૨૨-૨૩/ 468-1** **તા. 20-01-2023**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૪/ક્વા-૩/૨૨-૨૩, તા.૧૨-૧૨-૨૦૨૨

| | |
|---|---|
| અરજદાર | : શ્રી અનસોયાબેન પરબતભાઈ પટેલ, ગામ: મોરબી |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી – ૨ |
| રજૂઆત કરનાર | : શ્રી જે.સી.ગોસ્વામી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી,મોરબી-૨ અને તેમની સાથે એચ.કે. દેત્રોજા, જુનીયર ઈજનેર, પી.જી.વી.સી.એલ.,પેટા વિભાગીય કચેરી, ટાઉન-૨ મોરબી |

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર) શહેર વર્તુળ કચેરી રાજકોટ ખાતે તથા ૧૧.૦૧.૨૦૨૩ (બુધવાર) ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદારશ્રી અનસોયાબેન પરબતભાઈ, તથા તેમની સાથે શ્રી ઉજરીયા કૌશિકભાઈ પરબતભાઈ તેમજ શ્રી ઉજરીયા પરબતભાઈ કે. હાજર રહેલ હતા. સદર સુનાવણી તારીખ અન્વયે પીજીવીસીએલ પક્ષકારના ઈમેઈલ તા.૨૯.૧૨.૨૦૨૨ ની વિનંતી મુજબ તેઓ ઓફીસ કામના કારણોસર સુનાવણી માટે હાજર રહી શકે તેમ ન હોવાથી સુનાવણીની બીજી તારીખ આપવા અંગે રજૂઆત કરેલ હતી, જે ફોરમ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી. સદર સુનાવણી દરમ્યાન ફરિયાદી અરજદારની લેખિત તેમજ મૌખિક રજૂઆત ફોરમ દ્વારા સાંભળવામાં આવેલ હતી. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૧૧.૦૧.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં પીજીવીસીએલ પક્ષકારે લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની રજૂઆત મુજબ તેઓની ખેતીની જમીનમાં આશરે પાંચ વર્ષ પહેલા સરકારશ્રીના નિયમ મુજબ સોલાર પેનલ નાખી વિજળી ઉત્પન્ન કરી ખેતીની જમીનમાં કુવામાંથી પાણીનુ સીંચન કરી પીયત કરતા હતા. સદર સોલાર પેનલ નીયમીત રીતે વિજળી ઉત્પન કરતી ન હોવાથી પાકને પાણી ન મળવાથી નિષ્ફળ ગયેલ છે, ત્યારબાદ અરજદારની સોલાર પેનલને પાંચ વર્ષ ઉપર થઈ જતા સરકારશ્રીના નિયમ મુજબ ખેતીની જમીનમાં નવું વીજજોડાણ મેળવવા માટે તા.૨૧.૦૫.૨૦૨૨ ના રોજ પેટાવિભાગીય કચેરી ટંકારા ખાતે અરજી કરી નિયત રકમ ભરપાઈ કરેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ મારફત તેમના માણસો દ્વારા જમીનમાં ટી.સી. મુકવા થાંભલા ઉભા કરી આપેલ છે પરંતુ યેનકેન પ્રકારે પીજીવીસીએલ તરફથી ટી.સી. મૂકી આપતા નથી, હાલમાં સદર ખેતીની જમીનમાં ઘઉંનું વાવેતર કરેલ છે તે વાવેતર નિષ્ફળ ન જાય તેથી તાત્કાલીક ટી.સી. મૂકી વીજજોડાણ ચાલુ કરી આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨.૧ ત્યારબાદ અરજદાર દ્વારા અત્રેના ફોરમના ઈમેઈલ એડ્રેસ પર નીચે મુજબ રજૂઆત કરેલ છે.

તા.૩૦/૧૨/૨૨ ના રોજ અમો અરજદાર તથા મારા પતિશ્રી ફોરમ સમક્ષ હાજર રહી અમારા વતી તમામ મૌખિક રજૂઆત કરેલ છે. છતા અમુક બાબતો ફોરમના ધ્યાનમાં લાવવા માંગતા હોય અમારા બચાવ પક્ષે નીચે મુજબ મુદ્દા રજૂ કરીએ છીએ.

1) ભુતકોટડા મુકામે અરજદારની માલિકીના સર્વે નંબર ૧૦૧ પૈકી ૧ માં પાંચ વર્ષે અગાઉ તા.૧૭/૦૯/૧૬ ના રોજ ખેતીવાડી સોલારપંપ સેટ લગાડેલ છે
   જે તે સમયના નિયમ અનુસાર તથા **PGVCL** સાથે કરેલા કરાર મુજબ "અરજદાર પાંચ વર્ષ સુધી પરંપરાગત વીજજોડાણ મેળવવા હકદાર રહેતા નથી." અમો એ કરેલ કરારમાં પાંચ વર્ષ પછી પરંપરાગત વીજજોડાણ મળવાપાત્ર નથી. અથવા શરતોને આધિન મળવાપાત્ર છે એવો ક્યાંય ઉલ્લેખ કરેલ નથી. મેળવેલ સોલરપંપ સેટ ને કરાર મુજબ તા.૧૬.૦૯.૨૦૨૧ ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયેલ છે.
2) પી.જી.વી.સી.એલ.ની ટંકારા પેટાવિભાગ કચેરીમાં તા.૧૪-૦૬-૨૦૨૧ ના રોજ સામાન્ય યોજના હેઠળ વીજજોડાણ મેળવવાની અરજી કરેલી હતી. જેનો અગ્રતાક્રમ મુજબ વારો આવતા વીજકંપની તરફથી અંદાજપત્ર પાઠવવામાં આવેલ જે તા.૨૧.૦૫.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરી આપેલ છે
3) ઉપરોક્ત બાબતે સદર સામાન્ય યોજના હેઠળ પરંપરાગત વીજજોડાણ મેળવવા "સોલાર સિસ્ટમ કાઢી સોલાર કનેક્શન રદ" કરવા જણાવતા સોલર સિસ્ટમ કાઢી નાખેલ અને વીજકંપનીની ઓફિસને નોટરાઈઝડ સમંતિ પણ રજૂ કરેલ છે કે સામાન્ય યોજના હેઠળ ખેતીવાળી વીજજોડાણ આપવામાં આવે તો સોલાર કનેક્શન રદ કરવા સહમત છીએ. અંદાજપત્રકના નાણાં ભરપાઈ થયા બાદ વીજજોડાણ આપવા માટે પોલ પણ ઊભા કરવામાં આવેલ છે.
4) ત્યારબાદ વારંવાર પીજીવીસીએલની ઓફિસે રજૂઆત કરતાં મટિરિયલ નથી એવા જવાબો મળતા હતા. ત્યારબાદ ગુજરાત સરકાર ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના **GR** તા.૦૮/૦૭/૨૨ અનુસંધાને પરંપરાગત વીજજોડાણ મેળવવા માંગતા હો તો પરિપત્રની શરતો અનુસંધાને સમંતિપત્રક રજૂ કરવા જાણ કરવામાં આવેલ છે અને વીજજોડાણની કામગીરી અટકાવી દેવામાં આવેલ છે. પીજીવીસીએલની ઓફિસે વારંવાર રજૂઆત કરવા છતા વીજજોડાણ આપવા માટે કાર્યવાહી કરવામાં ન આવતા ન છૂટકે ફોરમમાં વિવાદ રજૂ કરવાની ફરજ પડેલ છે. વધુમાં ખેતીવાડી વીજજોડાણ સામાન્ય યોજનામાં મેળવવા અંદાજપત્રની રકમ તા.૨૧.૦૫.૨૦૨૨ ના રોજ ભરપાઈ



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

કરી આપેલ છે અને સરકાર શ્રી દ્વારા પરિપત્ર તા.૦૮.૦૭.૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આમ કુદરતી ન્યાયના સિધ્ધાંતના અનુસાર અમોને પરિપત્રની શરતો લાગુ પડતી ન હોય વીજજોડાણ તાત્કાલિક આપવા માટેનો હુકમ કાઢવા નમ્ર અરજ છે.

5) જમીન ઓછી હોય ઓફગ્રીડ સોલરને ઓનગ્રીડ સોલર કન્વર્ટ કરવાનો થતો ખર્ચ વધારે હોય આર્થિક રીતે પરવડે તેમ નથી. તેમજ સરકારશ્રી દ્વારા ઓફગ્રીડ સોલરને ઓનગ્રીડ સોલર સાથે કનેક્ટ કરી પરંપરાગત વીજજોડાણ આપવાનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતના હિત માટે એટલેકે ઓફગ્રીડ ને ગ્રીડ સાથે કનેક્ટ કરી વધારાની ઉત્પન્ન થતી વીજળીનો ખેડૂત રૂ.૧.૭૫ પ્રતિ યુનિટના દરે લાભ મેળવી શકે સરકારશ્રીનો એવો ક્યાય ઉદ્દેશ નથી કે ઓફગ્રીડ સોલર ધરાવતા ગ્રાહક પરાણે ગ્રીડ સાથે કનેક્ટ કરી પરંપરાગત વીજજોડાણ મેળવે. ગ્રીડ સાથે જોડાણ માટે એજન્સીને તપાસ કરી પણ મોટા ભાગની એજન્સીને ખબર જ નથી કે આવુ પણ કાઈ હોય છે ને અમુક એજન્સી એ જણાવેલ કે કોઈ ખેડુત કરાવતુ જ નથી કારણકે બહુ મોંઘી પડે છે અને જ્યારે રાત્રીનો પાવર હોય તે સમયે સોલારપેનલ માથી જનરેટ થયેલ પાવર PGVCL માં આગળ નહીં જાય કારણકે પીજીવીસીએલનુ ફીડર દિવસના બંધ હોય છે એટલે કોઈ ખેડુત કરાવતુ જ નથી. દરરોજ દિવસનો પાવરન હોવાના કારણે નુક્સાનકારક પણ છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઈ કુદરતી ન્યાયના સિધ્ધાંતના આધારે ન્યાય આપી તાત્કાલિક વીજજોડાણ આપવાનો હુકમ કરવા રજૂઆત કરેલ છે અન્યથા નામદાર લોકપાલ તથા નામદાર હાઇકોર્ટનો આશરો લેવો પડશે, ન્યાયની આશા સાથે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી અનસોયાબેન પરબતભાઈ પટેલ દ્વારા તેઓનાં નામે સર્વે નંબર ૧૦૧ પૈકી ૧, ગામ :ભૂતકોટડા, ખાતે ૫.૦ હો.પા.નુ થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ તા.૧૪.૦૬.૨૦૨૧ ના રોજ ટંકારા પેટાવિભાગીય કચેરી ખાતે રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૨૦૦/- ભરપાઈ કરી માંગણી કરવામાં આવેલ.

૩.૧ સદર અરજી અન્વયે ખેતીવાડી વીજજોડાણનું સર્વે કરી અગ્રતા મુજબ તા.૧૦.૦૫.૨૦૨૨ ના રોજ અરજદારને રૂ.૭૬૩૫/- નું ભાવપત્રક આપવામાં આવેલ. જે અરજદાર દ્વારા તા.૨૧.૦૫.૨૦૨૨ ના રોજ ભરપાઇ કરવામાં આવેલ. ભાવપત્રકમા "સ્થળ ઉપર ઓફગ્રીડ સોલાર વીજજોડાણ હયાત છે જેથી જો માંગણીવાળી જમીનના પૈકી ભાગ થયેલ હોય તો રજુ કરવા અન્યથા સદર અરજી રદ કરવામાં આવશે" તેવી નોંધ કરેલ છે.

૩.૨ ઉપરોક્ત વિગતે જાણ હોવા છતાં ભાવપત્રકના નાણા પેટાવિભાગીય કચેરી દ્વારા સ્વીકારાયેલ છે. પેટાવિભાગીય કચેરીના રેકોર્ડ મુજબ અરજદારના નામે અગાઉથી ઓફગ્રીડ સોલાર પંપ, હાલના ખેતીવાડી વીજજોડાણની માંગણીવાળા સ્થળે જ ફાળવવામાં આવેલ છે. આમ છતાં પીજીવીસીએલની સંલગ્ન કચેરી દ્વારા SPA સ્કીમ હેઠળ અરજદારને આપેલ નોર્મલ ખેતીવાડી વીજજોડાણનું ભાવપત્રક તા.૨૧.૦૫.૨૦૨૨ ના રોજ સ્વીકારેલ છે. આમ,અગાઉથી નોધાયેલ ઑફ ગ્રીડ સોલાર પંપ વાળા સર્વે નંબરમાં અન્ય નોર્મલ ખેતીવાડી વીજજોડાણ આપી શકાય નહિ એ નિયમની જાણ હોવા છતાં સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા સ્થળ મોજણી કરી અરજદારને ભાવપત્રકના નાણાં ભરપાઈ કરાવીને લાઇનનું કામકાજ પણ પૂર્ણ કરેલ છે અને ત્યારબાદની કાર્યવાહી સ્થગિત કરેલ છે. આ બાબત જેતે અધિકારીની નિષ્કાળજી દર્શાવે છે જેના કારણે આ ફરિયાદ ઊભી થયેલી છે અને અરજદારને આર્થિક નુકસાન થયેલ છે.

3.3 ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ અરજદાર દ્વારા સ્થગિત કરાયેલ કાર્યવાહી અનુસંધાને પેટાવિભાગીય તેમજ વિભાગીય અને વર્તુળ કચેરી ખાતે પોતાની માંગણીવાળું થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ તાત્કાલિક આપવા રજૂઆત કરાયેલ. જેમાં રજૂઆત અન્વયે જણાવેલકે અગાઉ તા.૧૭.૦૯.૨૦૧૬ ના રોજ સર્વે નંબર ૧૦૧ પૈકી ૧, ગામ ભૂતકોટડા ખાતે ઓફગ્રીડ સોલારપંપ – ૫.૦ હોપા. ની ફાળવણી થયેલ હોય, SPA સ્કીમ હેઠળ નોર્મલ ખેતીવાડી કનેક્શન મળી શકે નહિ. જો અરજદાર આ જ સર્વે નંબરમાં અન્ય ખેતીવાડી વીજજોડાણ લેવા હાલના ઓફગ્રીડ સોલારપંપને ગ્રીડ કનેકટીવીટી મેળવવા માટે પરિપત્ર નંબર પીજીવીસીએલ/ પ્રોજેક્ટ/૧/૧૯૪૯ તા.૧૩.૦૭.૨૦૨૨ મુજબ અરજી કરી શકે છે. સદર બાબતેની લેખિત જાણકારી વિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં – ૫૩૨૮ તા.૨૭.૧૨.૨૦૨૨ થી જાણ કરેલ છે. સદર પત્ર મુજબ હેયાત સોલારપંપ ઓફગ્રીડ માંથી ઓનગ્રીડમાં જોડવા માટેની સંમતી આપવી જરૂરી છે. ત્યારબાદ જરૂરી INVERTOR તથા ACBD/DCDB પેનલ અને અન્ય સુરક્ષા ઉપકરણો IS STANDARD મુજબ ખરીદીને ઇન્સ્ટોલ કરી બાદમાં આ અંગેના બીલ પેટાવિભાગીય કચેરી ખાતે રજુ કર્યેથી, કચેરી દ્વારા જરૂરી અંદાજપત્ર તથા ગ્રીડ કનેક્ટીવીટી ચાર્જ ભરપાઈ કરવા જાણ કરવામાં આવશે. જે ભરપાઈ કર્યેથી જરૂરી લાઇન કામ કરી આપવામાં આવશે અને હયાત સોલારસીસ્ટમને ગ્રીડ સાથે કનેક્ટ કરવા માટે થયેલ કામ અંગે ચીફ ઈલેક્ટ્રીકલ ઇન્સ્પેક્ટર માન્ય કોન્ટ્રાકટરનું સર્ટીફીકેટ મળ્યેથી, આ સર્ટીફીકેટ પેટાવિભાગીય કચેરી દ્વારા વેરીફાય કરવામાં આવશે જે સંતોષકારક જણાયેથી વીજજોડાણ રીલીઝ કરવામાં આવશે.

આમ અરજદારની અરજી મુજબ ઓફગ્રીડ સોલારપંપ ને પાંચ વર્ષ પુર્ણ થઇ ગયા બાદ નોર્મલ ખેતીવાડી વીજજોડાણ – હયાત ઓફગ્રીડ પંપ ને ગ્રીડ સાથે કનેક્ટ કરી આપવા સ્વરૂપે જ મળી શકે છે, હયાત ઓફગ્રીડ સોલાર પંપ ઇન્સ્ટોલેશન દુર કરીને નોર્મલ ખેતીવાડી વીજજોડાણ મળી શકે નહિ અને આ અંગે પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર-૧૦૩૧૫ તા.૦૧.૧૦.૨૦૨૨ થી ઓફગ્રીડ માંથી ઓનગ્રીડ માં જવા અંગેની સંમતી રજુ કરવા જાણ પણ કરવામાં આવેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી અનસોયાબેન પરબતભાઈ પટેલ ગામ :ભૂતકોટડા, તા.ટંકારા, જી.મોરબી દ્વારા રજુ કરેલ દ્વારા ગામ નમુનો નં– ૮-અ મુજબ, બ્લોક / સર્વે નંબર ૧૦૧ પૈકી ૧, ક્ષેત્રફળ ૦-૫૬-૬૬ હે. આરે. ચોમી. ખેતીલાયક જમીન ધરાવે છે. સદર જમીનમાં ખેતીવાડી સોલાર ઓફગ્રીડ પંપ ૦૫ વર્ષ પહેલા સરકારશ્રીના નિયમ મુજબ લીધેલ હતું જે હાલ નિયમિત રીતે વીજળી ઉત્પન્ન કરતુ ન હોવાથી પાણી ન મળવાને કારણે પાક નિષ્ફળ ગયેલ છે. ત્યારબાદ સોલારપેનલને ૦૫ વર્ષ થઇ ગયેલ હોવાથી સરકારશ્રી ના નિયમ મુજબ સદર ખેતીવાડી વીજજોડાણની જમીનમાં નવું વીજજોડાણ લેવા માટે અરજીની નોંધણી તા.૧૪.૦૬.૨૦૨૧ થી રસીદ નં–RU820651, થી રૂ.૨૩૬/- નોંધણી ફી ભરપાઈ કરેલ છે, ત્યારબાદ ભાવપત્રકની રકમ નીચે મુજબ ભરપાઈ કરેલ છે.

ઉપરોક્ત ચાર્જ ભરપાઈ થયા બાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી વીજપોલ ઉભા કરાયેલ છે પરંતુ ટ્રાન્સફોર્મર લગાડેલ નથી જેના ફોટોગ્રાફની નકલ અરજદાર દ્વારા ફોરમ સમક્ષ રજુ કરેલ છે. વધુમાં પીજીવીસીએલના અધિકારની સુચના મુજબ હેયાત ઓફગ્રીડ સોલારપંપ ડીસ મેન્ટલ કરી આપેલ છે, આમ, અરજદારે ટ્રાન્સફોર્મર મુકીને વીજજોડાણ ચાલુ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ પીજીવીસીએલ પક્ષકારના તા.૧૨.૦૧.૨૦૨૩ ના ઈમેલ મુજબ ઓફ ગ્રીડ સોલાર પંપ સેટના ભાવપત્રક મુજબ અરજીના નમુના તા.૨૫-૦૫-૨૦૧૬ મુજબ અરજદાર દ્વારા તા.૦૧-૧૧-૨૦૧૩ થી ૦૩ હોપાના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી.

ત્યારબાદ સૌર ઉર્જા સંચાલિત પંપ સેટ યોજના ૨૦૧૪-૧૫ અંતર્ગત રૂ.૧૦૦૦/- પહોચ નં ૫૦૩૩૬૬ તા.૨૫.૦૫.૨૦૧૫ થી ભરપાઈ કરેલ ત્યારબાદ સદર યોજના હેઠળ સોલારપંપનું ૦૩ હોપાનું ભાવપત્રક ટંકારા પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં:**TRSD/REV/3250 Dt:25-08-2015,** આપેલ જે અરજદારે તા.૧૫-૦૯-૧૫ થી ભરવાપાત્ર થતી ફાળાની કુલ રકમ રૂ.૧૪૦૦૦ (રૂ.૧૫,૦૦૦ – રૂ.૧૦૦૦(અગાઉ ભરપાઈ કરેલ નોંધણી ફી)) ભરપાઈ કરેલ છે. ત્યારબાદ સોલાર પંપ માટેની કરેલ અરજીમાં માંગેલ વીજભાર = ૦૩ + ૦૨ = ૦૫ હોપા અન્વયે પેટાવિભાગીય કચેરી દ્વારા ભાવપત્રક નં : **TRSD/REV/787 Dt:20-01-2016** થી આપેલ જે અરજદારે તફાવતના ૦૨ હોપાની રકમ રૂ.૧૦૦૦૦/- ભરપાઈ તા.૨૦-૦૧-૨૦૧૬ થી ભરપાઈ કરી આપેલ.

૪.3 ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ વિગતો નીચે મુજબ છે.

- ગુજરાત સરકારશ્રીએ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરના ઠરાવો તા.૨૫/૦૯/૧૪, તા.૨૬/૧૧/૧૪ અને તા.૦૨.૦૨.૨૦૧૫ હેઠળ ખેતી વિષયક વીજળીની બચત, સૌર ઊર્જાના વપરાશ પ્રત્યે જાગ્રુતિ કેળવાય તેમજ અન્ય હેતુઓ સિધ્ધ કરવા સારૂ રાજ્યમાં ખેડૂતોને 'સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ' ઉપલબ્ધ કરાવવાની યોજના જાહેર કરેલ છે. સદર યોજનાનો ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૪/૧૪૪૭/ક-૧ તા.૨૫.૦૯.૨૦૧૪ માં કરાયેલ ઠરાવ શરત ક્રમાંક ૫ (પાંચ) રદ કરવામાં આવે છે જ્યારે શરત ક્રમાંક – ૧, ૨ અને ૧૧ માં નીચે મુજબના સુધારા કરવામાં આવેલ છે, જે અંતર્ગત સુધારેલ શરત નં – ૧૧ નીચે મુજબ છે.

  "સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૫ (પાંચ) વર્ષ સુધી સબંધિત વીજકંપનીની રહેશે અને પાંચ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહી."

૪.૪ રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે ઠરાવ ક્રમાંક : બજટ/૨૦૧૪/૧૪૪૭/બ તા.૨૭.૦૫.૨૦૧૬ થી સદર યોજનામાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવેલ છે.

(૧) લાભાર્થી એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સંયુક્ત સર્વે નંબરો ગણતરીમાં લેતાં એક જ કુલ ઓછામાં ઓછી એક એકરની જમીન ધરાવતો હશે તો તે સદર યોજનામાં નોંધણી કરાવી શકશે. સદર કિસ્સામાં જમીન એક સાથે હોવી અનિવાર્ય રહેશે તથા અરજદારે સંમતિ આપવાની રહેશે કે તેવી જમીનની સાથે જમીનના અન્ય માલીકીના સર્વે નંબરમાં સદર પાણીનો વપરાશ કરી શકશે નહી અને અરજદાર તેવી માંગણી કરશે નહિ.

(૨) કૃષિ હેતુ વીજ જોડાણ માટે નોંધાયેલ તમામ અરજીઓ, અંદાજપત્ર પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજપત્રની રકમ ભરપાઇ કરેલ હોય પરંતુ કામ શરૂ ના થયુ હોય એવા તમામ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે. અગાઉ કૃષિ હેતુ વીજ જોડાણ માટે અરજીની નોંધણી ના કરાવેલ હોય એવા ખેડૂતો પણ સદર યોજનામાં નોંધણી કરાવી શકશે.

(૩) સોલાર પીવી સંચાલિત ઓફ ગ્રીડ આધારિત, કૃષિ હેતુ ૦૩ હો.પા, ૦૫ હો.પા અને ૭.૫ હો.પા ના સોલારપંપનો સમાવેશ આ યોજનામાં થઇ શકશે. આ સંદર્ભે અનુસૂચિત



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

જાતિ/જનજાતિના લાભાર્થીઓએ રૂ.૧૦૦૦/-પ્રતિ હો.પા. અને તે સિવાયના અન્ય લાભાર્થીઓએ રૂ.૫૦૦૦/- પ્રતિ હો.પા. ની રકમ ગ્રાહક ફાળા તરીકે ભરવાની રહે છે.

અગાઉના ઠરાવોની અન્ય શરતો અને બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

- આ યોજનાનું અમલીકરણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને તેની ચારેય વીજ વિતરણ કંપનીઓને ફાળવેલ છે. સદર યોજના અંતર્ગત સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ પુરા પાડતા માન્ય સપ્લાયરો પાસેથી ટેન્ડર પ્રક્રિયાના અંતે ખરીદ કરી અરજદાર ખેડુતોને પુરા પાડવાનું રહે છે. આથી, સદર યોજનાની અમલવારી અંતર્ગત વીજ વિતરણ કંપની, અરજદાર ખેડુત/લાભાર્થી અને સપ્લાયર/કોન્ટ્રાકટર વચ્ચે સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ યોજના હેઠળ નીચે મુજબ "ત્રિપક્ષીય કરાર" કરવામાં આવે છે. આ કરારની નીચે મુજબની શરતો સદર કેસમાં લાગુ પડે છે.
- શરત નં – ૮ સોલાર પંપ સેટ બેસાડવાના ૫ (પાંચ) વર્ષની સમયગાળામાં અરજદાર/ખેડુત સોલાર પંપ સેટ બદલવાની, હટાવવાની કે અન્ય કોઇને વેચવાની, તબદીલ કરવાની માંગણી/વિનંતી કરી શકશે નહીં.
- શરત નં – ૧૨ સોલાર પંપ સેટના સંચાલનની જવાબદારી અરજદાર/ખેડુત/લાભાર્થીની રહેશે.
- શરત નં – ૧૫: વળતર: આ યોજના હેઠળ અરજદાર/ખેડુતના ખેતરનો પાક, પ્રાણી તથા વ્યક્તિને સદર સોલર પંપ સેટ કે તેના ઉપકરણોમાં "ખોટકો" કે અન્ય કારણોસર થનાર નુકશાની પેટે કોઇપણ પ્રકારનું વળતર મળવા પાત્ર રહેશે નહિં.
- શરત નં–૧૬: વિવાદ નિવારણ: આ કરાર થી ઉપસ્થિત થતા તમામ વિવાદો, પ્રથમ પક્ષકાર/કંપનીએ નિમેલા એકમાત્ર લવાદ (**Sole Arbitrator**) ને સોંપવામાં આવશે. લવાદની બેઠકનુ સ્થળ લવાદ પોતે નક્કી કરશે. આમ છતાં, લવાદી અને સમાધાન અધિનિયમ ૧૯૯૬ (**Arbitration & Conciliation Act, 1996**) હેઠળ કોઇપણ અરજી કે દાદ કે વિવાદ કરવામાં આવે તો તેવા કેસમાં ફકત પ્રથમ પક્ષકાર/કંપનીની રજીસ્ટર્ડ કચેરી રાજકોટ મુકામે આવેલ સક્ષમ ન્યાયાલયોની જ હકુમત રહેશે.
- શરત નં – ૧૭. કરારનો સમયગાળો : સદર કરાર પાંચ વર્ષના સમયગાળા સુધી એટલે કે તારીખ : ૨૨/૦૭/૨૦૨૧ સુધી અમલમાં રહેશે તેમજ પ્રથમ પક્ષકાર/કંપની ને તેના પ્રવર્તમાન નિયમો/હુકમો અનુસાર સમયગાળામાં સુધારા/વધારા કરવાનો હક્ક અબાધિત રહેશે.
- શરત નં – ૨૦. આ યોજનાના લાભાર્થી કે લાભાર્થીના વારસદારો એજ સર્વે નંબરમાં કે એ સર્વે નંબરના વિભાજિત થયેલા ટૂકડામાં પરંપરાગત કૃષિ વીજ.જોડાણ મેળવવા માટે સોલાર ઉર્જા પમ્પ મેળવ્યાની તારીખથી ૫ (પાંચ) વર્ષ સુધી હક્કદાર રહેશે નહી.
- શરત નં – ૨૧. સદર કરારના અમલ દરમ્યાન ઉદ્દભવતી કોઇ મુશ્કેલી/વિવાદ નો નિવેડો સદર કરાર અને તે શરતો મુજબ જ તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

સદર સોલાર યોજના હેઠળનું વીજજોડાણ મેળવવા માટે અરજદાર દ્વારા રૂ.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર તેઓના વકીલ પાસે તેમના પુત્ર કે.પી. ઉજરીયાની હાજરીમાં કંપનીના નિયમ મુજબ સોગંદનામાંમાં નીચે મુજબની કબુલાતો કરેલ છે.

અરજદાર દ્વારા રૂ.૧૦૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર પર તા.૦૭.૦૯.૨૦૧૫ થી કબુલાતનામું રજુ કરેલ છે તે મુજબ ભૂતકોટડા ગામના સર્વે નંબર :૧૦૧ પૈકીમાં નોર્મલ યોજના હેઠળ ૦૩ હોપા માટે તા.૦૧.૧૧.૨૦૧૩ પહોચ નં – ૫૦૫૮૧૭ થી ખેતીવાડી વીજજોડાણની અરજી કરેલ જેને સૌરઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના – ૨૦૧૪-૧૫ અંતર્ગત તબદીલ કરવા માટે


Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

તા.૨૫.૦૫.૨૦૧૫ પહોચ નં – ૫૦૩૩૬૬ થી ૦૩ હોપાના સૌરઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ માટે રૂ.૧૦૦/- ભરપાઈ કરી અરજી કરેલ જે સબબ ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગના ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૪/૧૪૪૭/ક-૧ તા.૨૫.૦૯.૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૪/૧૪૪૭/બ તા.૦૨.૦૨.૨૦૧૫ નીચે મુજબ કબુલાત આપીએ છીએ.

- " સૌર ઉર્જા પંપ સેટની માંગણીવાળા સર્વે નંબરમાં સૌર ઉર્જા પંપ મેળવ્યાની તારીખથી ૦૫ વર્ષ સુધી આજ સર્વે નંબરમાં કે સર્વે નંબરના વિભાજીત થયેલ ટુકડામાં હું કે મારા વારસદારો પરંપરાગત કૃષિ વીજજોડાણ સૌર ઉર્જા પંપ મેળવ્યાની તારીખ થી ૦૫ (પાંચ) વર્ષ સુધી હકદાર રહીશું નહીં.
- સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૫ (પાંચ) વર્ષ સુધી પીજીવીસીએલ ની રહેશે અને પાંચ વર્ષ પછી આગામી પાંચ વર્ષ માટે પરંપરાગત કૃષિ વીજજોડાણ ની માંગણી ન કરવાની શરતે મને સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી તબદીલ કરવામાં આવશે, જે મારી જાણમાં છે.
- સૌર ઉર્જા પંપ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે જરૂરી ફેન્સીંગ મારા પોતાના સ્વખર્ચે કરાવીશ.
- ઉપલબ્ધ કરાવેલ સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ અન્યત્ર ખસેડીશ નહીં કે કોઈને તબદીલ કરીશ નહીં.
- મારી જે જમીનમાં સૌર ઉર્જા પંપ નું સ્થાપન કરાવવાનું છે, તે જમીનનું સૌર ઉર્જા પંપ ના સ્થાપનથી ૫ (પાંચ) વર્ષમાં વેચાણ કરીશ તો સબસિડીની તમામ રકમ વીજ કંપનીને પરત કરી આપીશ.
- સૌર ઉર્જા પંપ નો ઉપયોગ માત્ર ને માત્ર બોર/કુવા માંથી પાણી મેળવી મારા જેતે સર્વે નં માં સિંચાઇ હેતુ માટેજ કરીશ, જો અન્ય હેતુ માટે કરતો જણાઈશ તો વીજ કંપની પંપ/પેનલ પરત લઈ શકવા માટે હકદાર રહેશે, અને જે પેટે મને વીજ કંપની કોઈ વળતર ચૂકવશે નહીં અને ડિપોઝીટ ની રકમ પણ પરત કરશે નહીં.
- સૌર ઉર્જા પંપ ની સંપૂર્ણ જવાબદારી અને રાખરખાવ જાળવણી, સાફસફાઇ ની જવાબદારી લાભાર્થી ની એટ્લે કે મારી રહેશે.
- ડાર્કઝોન વિસ્તાર માટે સરકાર શ્રી ના પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર સૂક્ષ્મ પિયત પધ્ધતિ નો અમલ નહીં કરતાં માલૂમ પડયે વીજ કંપની પંપ/પેનલ પરત લઈ શકવા માટે હકદાર રહેશે.
- ૫ (પાંચ) વર્ષ સુધી સૌર ઉર્જા સિસ્ટમની ક્ષમતા વધારવા માટે યોજના હેઠળ જોગવાઈ ન હોય, જે મારી જાણમાં છે.
- સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરવાની યોજના ૨૦૧૪-૧૫ હેઠળ થયેલ તમામ જોગવાઇઓ મેં વંચાણે લીધેલ છે."

૪.૫ પીજીવીસીએલ પક્ષકારને જરૂરી દસ્તાવેજીક પેપર્સ અને નિયત રકમ મળ્યા બાદ, સદર સોલાર વીજજોડાણ માટેનો સોયો સીસ્ટમનો ઇન્સ્ટોલેશન રીપોર્ટ તા.૧૫-૦૯-૨૦૧૬ નો છે. તેમજ સદર સોલાર વીજજોડાણ તા.૧૭-૦૯-૨૦૧૬ થી સંતોષકારક ચાલુ કરવામાં આવેલ હતું. તેમ પીજીવીસીએલ પક્ષકારના તા.૧૨.૦૧.૨૦૨૩ ના ઈમેઈલમાં જણાવાયેલ છે.

રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે ત્રિપક્ષિય કરાર તા.૨૨.૦૭.૨૦૧૬ ના રોજ કરાયેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, જેની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

- સૌરઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ મેળવવા માટેની અરજીની તારીખ : તા.૨૫-૦૫-૨૦૧૫ રૂ.૧૦૦૦/- પહોચ નં – ૫૦૩૩૬૬,
- સોલાર પંપ માટે માંગેલ હો.પા. - ૦૫ હો.પા.
- અરજદારને ભાવપત્રક અપાયાની તારીખ અને રકમ : તા.૨૫-૦૮-૨૦૧૫ રૂ.૧૪૦૦૦ અને તા.૨૦-૦૧-૨૦૧૬ રૂ.૧૦,૦૦૦/-
- એજન્સીનું નામ – સોયો સિસ્ટમ્સ, એમ.-૯૧, એમ.આઈ.ડી.સી. એરિયા, જલગાંવ – ૪૨૫૦૦૩
- વર્ક ઓર્ડર નં અને તા.PGVCL/Project/e-100747/Ag Solar Pump/Soyo/860 Dtd:28-08-2015
- ટાઈપ ઓફ મોટર – ૦૫ હોપા, એસી. સબમર્શીબલ પંપસેટ

ઉપરોક્ત સોલારપંપનું વીજજોડાણ તા.૧૭.૦૯.૨૦૧૬ થી SOAGP ટેરીફ કોડ હેઠળ રીલીઝ થયેલ છે.

૪.૬ અરજદાર દ્વારા તેઓના ગામ: ભૂતકોટડા ખાતેના સર્વે નંબર ૧૦૧ પૈકી ૧ માં તા.૧૪-૦૬-૨૦૨૧ ના રોજ પરંપરાગત ૦૫ હોપાનું ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ટંકારા પેટાવિભાગીય કચેરીમાં જરૂરી નોંધણીચાર્જ ભરપાઈ કરીને અરજી કરેલ, જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નાયબ ઈજનેર ટંકારા પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી ટેકનીકલ સેંકશન નીચે મુજબ મંજુર કરેલ છે.

| | |
|---|---|
| Sr. No. | :- 13920033 |
| Name of Applicant | : Ansoyaben Parbatbhai Patel |
| Revenue Survey No. | :101 P1, |
| Village | : Bhutkotda, |
| Name of Scheme | : SPA |
| Propose Load | : 05 HP, |
| New HT line | : 0.055 KM, |
| New TC | : 10 KVA, |
| Total Estimated value | :Rs.1,30,603/- |

ઉપરોક્ત ટી.એસ. મુજબ અરજદારને ભાવપત્રક રજીસ્ટર એડી ટપાલ દ્વારા તા.૧૦.૦૦૫.૨૦૨૨ થી અપાયેલ છે જેમાં હસ્તલિખિત નોંધ થયેલ છે તે મુજબ "પરબતભાઈ ખીમજીભાઈ નું સર્વે નંબર ૧૦૧ માં કને. ચાલુ છે, જો તેના પૈકી થઇ ગયા હોય તો તે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવા અન્યથા સદર અરજી રદ કરવામાં આવશે."

ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર ભાવપત્રકની રકમ અરજદાર પાસેથી સ્વીકારેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| • સર્વિસ કનેક્શન ચાર્જ - રસીદ નં – **RU878666** તા.૨૧.૦૫.૨૦૨૨ | રૂ.૬૫૦૦/- |
| • એગ્રીમેન્ટ ફી - રસીદ નં – **RU878667** તા.૨૧.૦૫.૨૦૨૨ | રૂ.૩૦૦/- |
| • સિક્યોરિટી ડીપોઝીટ - રસીદ નં – **RU878668** તા.૨૧.૦૫.૨૦૨૨ | રૂ.૮૩૫/- |
| • કુલ રકમ | :રૂ.૭૬૩૫/- |

તેમજ અરજદાર દ્વારા ટેસ્ટરીપોર્ટ- રસીદ નં – **RU878669** તા.૨૧.૦૫.૨૦૨૨ રૂ.૨૩/૬૦ ભરપાઈ કરેલ છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી વીજપોલ ઉભા કરી આપેલ છે જેની ખાતરી અંગેના સ્થળ પરના ફોટોગ્રાફસની નકલ રજુ કરેલ છે જે સુનાવણી દરમ્યાન જે તે વખતે કામગીરી થયેલ છે તેમ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સ્વીકારેલ છે.

૪.૮ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ જીયુવીએનએલના પત્ર નંબર : ૧૮૬૧ તા.૧૧.૦૭.૨૦૨૨ મુજબ ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગનો ઠરાવ ક્રમાંક એસ.એલ.આર./૧૧/૨૦૧૪/જી.ઓ.આઈ./બ-૧ તા.૦૮.૦૭.૨૦૨૨ મુજબ ૦૫ વર્ષ પૂર્ણ થયેલ ઓફગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વીજજોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના ધારાધોરણો અને શરતો મુજબ જોડવા અંગેનો ઠરાવ નીચે મુજબ કરેલ છે.

ઠરાવ : રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ, પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સીસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના બહાર પાડવામાં આવે છે. તે મુજબ (૧) હયાત સોલાર પંપને સ્થાપન તારીખથી પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ. (૨) જે ખેડૂત પરંપરાગત વીજ જોડાણને ઓફ-ગ્રીડ (સોલાર) સાથે જોડાણ કરવા માંગતો હોય તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. (3) જે ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવે તેને પાંચ વર્ષ સુધી સોલારનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલારનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી. (૪) ઓફ-ગ્રીડ સોલારપંપ હયાત નજીકની ૧૧KV / LT વીજ લાઈનથી એક કિલોમીટરના અંતરે કે તેનાથી ઓછા અંતરે આવેલો હોવો જોઈએ.

(અ) ઓફ-ગ્રીડ સોલારપંપને ગ્રીડમાં જોડવા માટે જરૂરી ઉપકરણોનો ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેશે.

(બ) પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર અંદાજપત્રની રકમ તથા ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ ખેડૂતે જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે. જે તે ફીડર પરના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે એટલે કે જ્યારે દિવસ દરમિયાન 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ હશે ત્યારે ખેડૂત દ્વારા ખેતીના વીજવપરાશ બાદ વધારાની વીજળી ગ્રીડમાં નાખી શકશે પરંતુ રાત્રિના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ દરમિયાન ખેડૂત ગ્રીડના પાવર થકી મોટર ચલાવી શકશે પરંતુ તે દિવસે સોલાર ઇન્વર્ટર ગ્રીડ સાથે સીંક્રોનાઈઝ થશે નહીં. ગ્રીડ કનેકટેડ સોલાર પંપ દ્વારા ગ્રીડમાં નેટ ઈન્જેકટેડ સરપ્લસ પાવર રૂ.૧.૭૫ પ્રતિ યુનિટના દરે વીજવિતરણ કંપની દ્વારા મૂળ ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમ સ્થાપિત થયાની તારીખથી કુલ ૨૫ વર્ષ સુધીના સમય સુધી ખરીદવામાં આવશે. (એટલેકે પાંચ વર્ષ પછીના વીસ વર્ષ ગણાશે)

૪.૯ સદર કેસમાં, અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રજૂઆત મુજબ નીચે મુજબની બાબતો સ્પષ્ટ ફલિત થાય છે.

(૧) અરજદારને અપાયેલ સૌર ઉર્જા સંચાલિત પંપ સેટ તા.૨૨.૦૭.૨૦૧૬ થી અપાયેલ છે જેના ૦૫ વર્ષ તા.૨૨.૦૭.૨૦૨૧ થી પૂર્ણ થયેલ છે.

(૨) ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ ના મુદ્દા માં દર્શાવેલ શરત નં -૧૭ નીચે મુજબ છે.

"સદર કરાર પાંચ વર્ષના સમયગાળા સુધી એટલે કે તારીખ : ૨૨/૦૭/૨૦૨૧ સુધી અમલમાં રહેશે તેમજ પ્રથમ પક્ષકાર/કંપની ને તેના પ્રવર્તમાન નિયમો/હુકમો અનુસાર સમયગાળામાં સુધારા/વધારા કરવાનો હક્ક અબાધિત રહેશે."

(૩) ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ ના મુદ્દા માં જણાવેલ ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગના ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૪/૧૪૪૭/ક-૧ તા.૨૫.૦૯.૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૪/૧૪૪૭/બ તા.૦૨.૦૨.૧૫ અન્વયે અરજદાર દ્વારા રજુ કરેલ કબુલાતનામાં નીચે મુજબની શરત સ્વીકારેલ છે.

"………. સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૫ (પાંચ) વર્ષ સુધી પીજીવીસીએલ ની રહેશે અને પાંચ વર્ષ પછી આગામી પાંચ વર્ષ માટે પરંપરાગત કૃષિ વીજજોડાણ

ની માંગણી ન કરવાની શરતે મને સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી તબદીલ કરવામાં આવશે, જે મારી જાણમાં છે."

(૪) સદર યોજના અંતર્ગત જે ખેડૂતોએ સોલાર પંપને સ્થાપિત થયા પછી ૦૫ વર્ષ પૂર્ણ થયેલ છે તેમાંથી કેટલાક ખેડૂતો નવા પરંપરાગત વીજજોડાણ મેળવવા માટેની માંગણી અન્વયે રાજ્ય સરકાર દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે જે ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબ પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા સદર પરિપત્ર તમામ વર્તુળ કચેરીને તા.૧૩-૦૭-૨૦૨૨ થી મોકલી આપવામાં આવેલ છે.

(૫) રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે લાભાર્થી / ખેડૂત, વીજ કંપની અને સપ્લાયર / કોન્ટ્રાક્ટર વચ્ચે થયેલ ત્રી-પક્ષીય કરાર મુજબ કરારના ૫ (પાંચ) વર્ષનો સમયગાળો પૂર્ણ થયા બાદ પરંપરાગત કૃષિ વિષયક વીજજોડાણ મળવા અંગે હક્કદાર રહશે તેવી સ્પષ્ટતા કરેલ નથી.

(૬) સદર યોજના અંતર્ગત પીજીવીસીએલ કંપનીના જવાબદાર જુનીયર ઈજનેર / નાયબ ઈજનેર દ્વારા ખોટું અર્થઘટન કરીને સદર ફરિયાદી અરજદાર હૈયાત ઓફ ગ્રીડ સોલાર પંપ ધરાવતા હોવા છતાં નવા પરંપરાગત કૃષિ વિષયક વીજજોડાણ મેળવવા માટેની સદર અરજદારની અરજીની નોંધણી સ્વીકારી ભાવપત્રક આપેલ છે, તેમજ ભાવપત્રકની રકમ પણ સ્વીકારીને જરૂરી વીજલાઈન ઉભી કરવાની કામગીરી અંશત: પૂર્ણ કરેલ છે. જે ખુબજ ગંભીર પ્રકારની ભૂલ હોય કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

(૭) ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબ ઠરાવ ક્રમાંક એસ.એલ.આર./૧૧/૨૦૧૪/જી.ઓ.આઈ./બ-૧ તા.૦૮.૦૭.૨૦૨૨ મુજબ ૦૫ વર્ષ પૂર્ણ થયેલ ઓફગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત વીજજોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના ધારાધોરણો અને શરતો મુજબ જોડવા અંગેનો ઠરાવ મુજબ જો અરજદાર જરૂરી ધારા-ધોરણો અને શરતો મુજબ જરૂરી સમંતિ દિવસ-૩૦ માં રજુ કરે તો અરજદાર દ્વારા કરેલ ખેતીવાડીના નવા વીજજોડાણની અરજી અંતર્ગત બાકીની કાર્યવાહી પૂર્ણ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે અન્યથા અરજદારે ભરપાઈ કરેલ ભાવપત્રકના નાણાં રિફંડ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. તદ્દુપરાંત આ કિસ્સામાં જેતે અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરી ને તેની સામે પીજીવીસીએલ કંપનીના નિયમો મુજબ કાર્યવાહી કરવાની રહેશે તેની જાણ ફોરમને કરવાની રહેશે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૧૦ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.